| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૧/૦૯/૨૦૧૯ | | |
| દાખલ તારીખ | ૨૧/૦૯/૨૦૧૯ | | |
| ફૈંસલ તારીખ | ૦૫/૦૮/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૧૦ | ૧૫ |

# પારડીના મહે. અધિક જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. પારડી.

ક્રિમીનલ કેસ નં.૧૭૩૬/૨૦૧૯

આંક-

**<u>ફરિયાદી</u>** :- શ્રી સરકાર

<u>**વિરુધ્ધ**</u>

**<u>આરોપી</u>** : - (૧) સુરેન્દ્રસીંગ રાજેન્દ્ર સીંગ

ઉ.વ.૩૨ , રહે. હાલ વાપી કબ્રસ્તાન રોડ, મોહર બિલ્ડીંગ રૂમ નં.૩૦૪, તા.વાપી, જી.વલસાડ, મુળ રહે. ગામ, જિહાસર, થાણા.મેહનગર, જી.આઝમગઢ, યુપી.

(૨) સંજય ઉર્ફે બીહારી રામઅવધ

ઉ.વ.૩૦, રહે. હાલ રહે. ચલા અપનાઘર સોસાયટી, વાપી, તા.વાપી જી.વલસાડ મુળ રહે. ગામ લારી થાના શકુરાવતજી, જહાનાબાદ, બિહાર.

**[આંક-૧ તળે સદર આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુજબનો હુકમ થયેલ છે]**

| | |
|---|---|
| ગુનો | **ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી, ૬૫ઇ,૧૧૬(ખ) મુજબનો..** |

| | |
|---|---|
| **ફરિયાદ પક્ષે** | **વિ.એ.પી.પી.શ્રી કે.આર.ત્રિવેદી** |
| **આરોપી પક્ષે** | **વિ. વ. શ્રી** |
| **સમક્ષ** | **શ્રી પી.એ.શર્મા , મહે.શ્રી અધિક જ્યુ.મેજી.ફ.ક.,પારડી.** |

<u>**-:: ઠરાવ :-**</u>

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, કો.નં.૧૧(૧) તથા ૧૧(૨) માં જણાવેલ તથા કો.નં.૧૨ તથા ૧૨(૧)માં જણાવેલ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આ.નં.૧

નાઓએ પોતાના કબ્જાના ટ્રક નં. GJ-5-UU-1348 ની કિં.રૂા. ૨,૫૦,૦૦૦/– નીમાં પરપ્રાંત દમણ બનાવટની વ્હિસ્કીની બાટલીઓ ૧૮૦ એમ.એલ.વાળી બાટલી નંગ–૩૩૬૦ ની કિં .રૂા. ૧,૬૮,૦૦૦/– તથા મોબાઈલ ફોન નંગ એક કિં.રૂા. ૫૦૦/– મળી કુલ્લે ૪,૧ ૮,૫૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે વાહતુક કરી લઈ આવતા તા.૧૨/૦૧/૨૦૧ ૭ ના રોજ કલાક.૦૪/૦૦ વાગ્યાના સુમારે મોજે. બગવાડા ટોલનાકા આગળ ગોકુલ હોટલ સામે ને.હા.નં.૮ ઉપર, તા.પારડી પકડાઈ જઈ તેમજ આ.નં.(૨) નાઓ પાછળથી પકડાઈ જઈ તેમજ કો.નં.૧૨ તથા ૧૨(૧) માં જણાવેલ આરોપીઓ નહી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, બનાવની વિગતે આ કામના ફરીયાદીએ પા.પો.સ્ટે.III.માં ગુ.ર.નં.૨૮૭/૨૦૧૫ થી પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)બી, ૬૫ઈ, ૧૧૬(ખ) મુજબનો ગુનો નોંધવામાં આવેલો અને આ ગુનાની પોલીસ તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અધિક જયુ.મેજી. ફ.ક. સાહેબનીત્રે અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(3) હાલના કામે તપાસ સંસ્થા દ્રારા કુલ–૦૨ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ટ્રાયલના તબક્કે આવતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર નહિ રહેતાં આંક–૧ તળે હુકમ કરીને આરોપીઓ ની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ કરવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવા :–**

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | આંક–૦૫ થી પંચ સુરેશભાઈ પરષોત્તમદાસ ટેલરની જુબાની |

| | |
|---|---|
| ૨. | આંક–૦૭ થી પંચ નાગેશ રાજપ્પા મડેગોલની જુબાની |
| ૩. | આંક–૦૮ થી ત.ક.અ.રાજેન્દ્રસિંહ પોપટસિંહ સોલંકીની જુબાની |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | આંક–૦૬ થી મુદામાલ રીકવરી પંચનામાની નકલ |
| ૨. | આંક–૦૯ થી ફરીયાદની નકલ |

**(૫)** ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદો તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ **<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઇમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી. પાના નં. ૮૫</u>** ના ચુકાદામાં નામદર કોર્ટે ઠરાવેલ છે કે, જયારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સં જોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૬)** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીઓના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપીઓ પક્ષના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી.

**(૭)** ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧.** કો.નં.૧૧(૧) તથા ૧૧(૨) માં જણાવેલ તથા કો.નં.૧૨ તથા ૧૨(૧)માં જણાવેલ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આ.નં.૧ નાઓએ પોતાના કબ્જાના ટ્રક નં. GJ-5-UU-1348 ની કિં.રૂા. ૨,૫૦,૦૦૦/– નીમાં પરપ્રાંત દમણ બનાવટની વ્હિસ્કીની બાટલીઓ ૧૮૦ એમ.એલ.વાળી બાટલી નંગ–૩૩૬૦ ની કિં.રૂા. ૧,૬૮,૦૦૦/– તથા

મોબાઈલ ફોન નંગ એક કિં.રૂા. ૫૦૦/– મળી કુલ્લે ૪,૧૮,૫૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે વાહતુક કરી લઈ આવતા તા.૧૨/૦૧/૨૦૧૭ ના રોજ કલાક.૦૪/૦૦ વાગ્યાના સુમારે મોજે. બગવાડા ટોલનાકા આગળ ગોકુલ હોટલ સામે ને.હા.નં.૮ ઉપર, તા.પારડી પકડાઈ જઈ તેમજ આ.નં.(૨) નાઓ પાછળથી પકડાઈ જઈ તેમજ કો.નં.૧૨ તથા ૧૨(૧) માં જણાવેલ આરોપીઓ નહી પકડાઈ જઈ ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

(૮) મારા જવાબ નીચે મુજબ છે. :–

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**–:<u>કારણો</u>:–**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૯) આ કામે આરોપીઓ વિરૂઘ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિઘ્ધાંતને ઘ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંન કરવામાં આવેલ છે.

(૧૦) સદર કામે અનુક્રમે આંક–૦૫ થી પંચ સુરેશભાઈ પરષોત્તમદાસ ટેલર ને તથા આંક–૦૭ થી પંચ નાગેશ રાજપ્પા મડેગોલને તપાસેલ છે.સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમ્યાન આંક–૦૬ થી મુદામાલ રીકવરી પંચનામું રજુ રાખે છે. પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચ સાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પંચસાહેદોની જુબાની તથા આંક–૦૬ થી મુદામાલ રીકવરી પં ચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૧) ફરિયાદપક્ષ તરફથી આંક–૦૮ થી ત.ક.અ.રાજેન્દ્રસિંહ પોપટસિંહ સોલંકીનો સોગંદ

ઉપરનો પુરાવો જોતાં તેઓએ પોતાની જુબાનીમાં સમર્થનકારી હકીકત જણાવેલ છે. ત.ક.અ.નો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, '' હું પારડી પો.સ્ટે. ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન સદર ગુનાની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ. ફરીયાદની હકીકત એવી છે કે ફરીયાદી તથા પારડી પોલીસ સ્ટાફના માણસો બાતમીના આધારે ટ્રકમાંથી વિદેશી દારૂની બોટલ નંગ–૩૩૬૦ કિં.રૂા.૧ ,૬૮,૦૦૦/–નો મુદ્દામાલ મળી આવતા સાથેના પો.કો. રજનીકાંત રમેશભાઈનાઓએ ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે તેના પર ફરીયાદીની સહી ઓળખુ છુ. ફરીયાદ રજુ દાખલ આંક–૦૯ આપવામાં આવે છે. પી.એચ.નાઈ સાહેબે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તથા આરોપીને અટક કરેલ તથા અમોએ આ કામે તપાસ મળતા આરોપી વિરૂધ્ધ ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ."

**આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૯૯ મુજબનો હુકમ થયેલ છે.**

(૧૨) આમ, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત સાહેદ પુરાવા રજુ કરવામાં આવેલ છે. તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી. આમ, ફરીયાદપક્ષે તપાસમાં મહત્વપુર્ણ ખામી રહેલી છે તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીઓ ની જ માલિકીનો હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. ચાર્જશીટના કાગળો જોતાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યા અંગે કોઈ રસીદ આપવામાં આવેલ હોય તેવું પણ જણાતું નથી કે તે અંગે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ પુરાવો પણ રજુ રાખવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસમાં અનેકવિધ ત્રુટીઓ રહેલી છે.

(૧૩) સદર કામે ફરીયાદપક્ષે તપાસેલ પંચસાહેદો ધ્વારા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવામાં આવેલ છે. પરંતુ, પંચસાહેદો ધ્વારા પંચનામાની તમામ હકીકતો નો ઈન્કાર કરવામાં આવેલ છે. **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)** માં સ્થાપિત કરવામાં આવેલ છે કે, જયારે પંચસાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સં જોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૧૪) વધુમાં, **<u>માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૧ જી.એલ.એચ.ઈ.એલ.- એચ.સી.-પાના નં. ૨૨૭૬૯૮</u>** <u>માં</u> પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' જો પંચસાહેદ ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપીઓ પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીઓ ને શંકાનો લાભ આપી શકાય.''

(૧૫) વધુમાં, ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે તે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતાં ના હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીઓ ના કબ્જામાંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. **<u>સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, " Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search."

" The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search. "

(૧૬) આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી. હાલના કામે તપાસ સંસ્થા ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ચાલી જતા અને કેસ ચુકાદાના તબક્કે આવતા આરોપીઓ અત્રેની કોર્ટમાં નિયમિત હાજર નહિ રહેતા આંક-૧ તળે હુકમ કરીને આરોપીઓની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હતો. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું ન હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૩ (૬) તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં.સી.૨૬૧૮/૧૬

ને ધ્યાને લઈને,આરોપીઓની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:હુ ક મ:–**

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૪૮ (૧) મુજબ આ કામના તમામ આરોપીઓને પ્રોહીબીશન એક્ટની કલમ : ૬૬(૧)બી,૬૫ઈ, ૧૧૬(ખ) મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ વિદેશી દારૂનો નાશ કરવો, મુદામાલ ટ્રક નં. GJ-5-UU-1348 અંગે તથા મોબાઈલ નંગ–૧ અંગે વચગાળાનો હુકમ અપીલ સમય વિત્યેથી કાયમ રાખવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ થયો ન હોય તો માલિકીનો પુરાવો લઈ અપીલ સમય વિત્યેથી મુદામાલ વાહન માલિકને પરત કરવી.

**૩.** આરોપીઓ એ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ અદાલતમાં આરોપીઓએ અગાઉ આપેલ જામીન અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઠરાવ આજ તા.૦૫, માહે–ઓગસ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

મુ. પારડી.

તા.૦૫/૦૮/૨૦૨૬

**(પી.એ.શર્મા )**
**અધિક સીવીલ જજ અને**
**જે.એમ.એફ.સી.પારડી**
**જી.જે. ૦૧૬૭૦**